# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WENDESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) **ગાંધીનગરમાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે.**
2) **સમાન નાગરિક સંહિતા લાગુ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી UCC સમિતિ 45 દિવસમાં અહેવાલ રાજ્ય સરકારને સોંપશે.**
3) **ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદમાંથી એક હજાર 500 કિલો ભેળસેળયુક્ત પનીર જપ્ત કરાયું.**
4) **મહાકુંભ, અમદાવાદ રેલવે અને હવાઈમથક પર વિસ્ફોટ કરવાની ધમકી આપનાર વ્યક્તિને કચ્છમાંથી પકડી લેવાયો**
5) **રાજ્યમાં આગામી 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રી ઘટાડાની હવામાન વિભાગની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે સવારે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાનારી બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા સમાન નાગરિક સંહિતા- યુસીસી અંગે રચાયેલી સમિતિ અને તેના અહેવાલ અંગે મંત્રીમંડળને માહિતી અપાશે. દરમિયાન ગુજરાત વિધાનસભાના અંદાજપત્ર સત્રની તૈયારીની સમીક્ષા કરાશે. ઉપરાંત ટેકાના ભાવે ચાલી રહેલી ખરીદી તેમજ રાજ્ય સરકારના આગામી આયોજન અને નીતિગત બાબતોની પણ ચર્ચા થશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર પ્રભારી મંત્રીઓને સોંપાયેલી જવાબદારી અને સ્થાનિક સ્થિતિ પર રાજકીય ચર્ચા થવાની શક્યતા પણ છે.

# UCC GUJARAT

ઉત્તરાખંડ બાદ સમાન નાગરિક સંહિતા- UCC લાગુ કરનારું ગુજરાત બીજું રાજ્ય બનશે. ગાંધીનગરમાં ગઈકાલે પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, રાજ્યમાં સમાન સિવિલ કાયદાની આવશ્યકતાને ચકાસવા અને UCC કાયદાનો મુસદ્દો તૈયાર કરવા સર્વોચ્ચ અદાલતનાં નિવૃત્ત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં પાંચ સભ્યની સમિતિની રચના કરાશે. સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ ભારતીય સનદી અધિકારી સી. એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર, ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતા શ્રોફનો સમાવેશ કરાયો છે. સમિતિ 45 દિવસમાં અહેવાલ સરકારને સોંપશે.

સમિતિનાં સભ્ય ગીતા શ્રોફે આ અંગે માહિતી આપી હતી.

(બાઈટઃ ગીતા શ્રોફ, સભ્ય, UCC સમિતિ)

# LOCAL BODIES ELECTIONs

રાજ્યમાં આગામી 16 ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાશે. આ પહેલા અનેક નગરપાલિકાઓ બિનહરીફ જાહેર થઈ હોવાના અહેવાલ છે.

પંચમહાલ જિલ્લાના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે, હાલોલ નગરપાલિકાની સામાન્ય 9 વૉર્ડની 36 બેઠક માટે ભાજપ, કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષના મળીને કુલ 72 જેટલા ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યા હતા. સોમવારે અને ગઈકાલે બપોર સુધીમાં કુલ 21 જેટલા લોકોએ પોતાના ઉમેદવારી પરત ખેંચી લેતાં ભાજપના 21 જેટલા ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા.

અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, જાફરાબાદ નગરપાલિકામાં 28માંથી 16 બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે. ચૂંટણી અધિકારી ડી. એ. ગોહિલના જણાવ્યા મુજબ, 28 બેઠક માટે કુલ 57 ઉમેદવારીપત્ર મળ્યા હતા, જેમાંથી એક ઉમેદવારીપત્ર રદ થયું અને 17 ઉમેદવારોએ પોતાના પત્ર પરત ખેંચ્યા હતા. હવે માત્ર 23 ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાશે. જ્યારે દેવભૂમિ દ્વારકામાં 9 ઉમેદવાર બિનહરીફ જાહેર થતા, હવે બાકી રહેલા 44 ઉમેદવાર માટે ચૂંટણી યોજાશે

# DWARKA DEMOLATION

બેટ દ્વારકાના બાલાપર ગામ ખાતે ગેરકાયદે દબાણોને વકફ બોર્ડની મિલકત હોવાનો દાવો કરતી અરજીને વડી અદાલતે ફગાવી દીધી છે. તંત્ર દ્વારા સરકારી જગ્યાઓ પર ગેરકાયદે દબાણોને દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અંગે દેવભૂમિદ્વારકા જિલ્લાના **SDM અમોલ આવતેએ માહિતી આપી**

**(બાઇટ : અમોલ આવતે - SDM)**

# NAKLI PANIR

ગાંધીનગર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદમાંથી 3 લાખ 15 હજાર રૂપિયાનું એક હજાર 500 કિલો ભેળસેળયુક્ત પનીર જપ્ત કરાયું છે. દરોડા દરમિયાન ભેળસેળ માટે ઉપયોગમાં લેવાતું પામોલીન તેલ અને ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનો એસિટિક એસિડ મળી આવ્યું હતું. ફ્લાઈંગ સ્ક્વૉડ ટીમ દ્વારા ત્રણ નમૂના પણ લેવાયા હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ટુકડીને મળેલી માહિતી મુજબ, અમદાવાદમાં કુબેરનગર વિસ્તારમાં આદર્શ શાળાની બાજુમાં આવેલી શ્રી દ્વારકેશ ડેરી પ્રોડક્ટ્સ પર દરોડા પાડી ભેળસેળયુક્ત પનીર કબજે કરાયું છે. આ પનીરના નમૂનાના પૃથક્કરણ અહેવાલ બાદ નિયમોનુસારની કાયદેસરની કાર્યવાહી કરાશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

# MAHISAGAR – ACCIDENT

મહીસાગર જિલ્લાના સંતરામપુર-દાહોદ રાજમાર્ગ પર ગઈકાલે ગાંધીનગર પોલીસની વાન અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો. મહીસાગરના અમારા પ્રતિનિધિ કૌશિક જોષી જણાવે છે કે, પોલીસ વાનમાં બેઠેલા 2 પોલીસકર્મી ઈજાગ્રસ્ત થતાં તેમને 108 એમ્બ્યુલન્સની મદદથી સંતરામપુર સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી. દાહોદથી ગાંધીનગર જતી વખતે પોલીસ વાનને અકસ્માત નડ્યો હતો.

# DAMAN – SANAD SHIBIR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં  જિલ્લા તંત્ર દ્વારા પ્રથમ વખત યોજાયેલી સનદ શિબિરમાં 50થી વધુ લોકોની જમીન બિન કૃષિગત કરવામાં આવી. જિલ્લા કલેકટર ડો. સૌરભ મિશ્રાએ આ શિબિર અંગે લોકોને માહિતી આપી હતી. કાર્યક્રમમાં અધિકારીઓ સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન **લાભાર્થી પુનિતા પંડ્યાએ પ્રતિભાવ આપ્યો હતો**

**(બાઈટ: પુનિતા પંડ્યા, લાભાર્થી )**

# MAHAKUMBH BLAST DHAMKI

પ્રયાગરાજના મહાકુંભ મેળામાં વિસ્ફોટ કરવાની ધમકી આપનાર વ્યક્તિને કચ્છમાંથી પકડી લેવાયો છે. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, પકડાયેલા વ્યક્તિએ અમદાવાદ રેલવે મથક અને હવાઈમથક પર પણ વિસ્ફોટ કરવાની ધમકી આપી હતી. અમદાવાદ ગુનાશાખા દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે. પકડાયલો વ્યક્તિ મૂળ મધ્યપ્રદેશનો છે અને ગાંધીધામમાં શાકભાજીનું વેચાણ કરતો હોવાનું જણાયું છે.

# WEATHER

રાજ્યમાં આગામી 24 કલાકમાં લઘુત્તમ તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો અને ત્યારબાદ 2થી 3 ડિગ્રીનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે કરી છે. દરમિયાન આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે એમ હવામાન વિભાગના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિદેશક, હવામાન વિભાગ)**

છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે. જ્યારે જુનાગઢના કેશોદમાં 14, ભુજ, પોરબંદર, રાજકોટ અને દીવમાં 15—15 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન રહ્યું છે. આ સિવાયના શહેર અને જિલ્લામાં લઘુત્તમ તાપમાન 16 ડિગ્રીથી વધુ રહ્યું હતું.

# DIU – VOLLEYBALL TOURNAMENT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત ગઈકાલે કેવડી શિક્ષણ કેન્દ્ર ખાતે રમતગમત વિભાગ અને રાષ્ટ્રીય બાલિકા એકમ દ્વારા મહિલાઓની વૉલીબોલ સ્પર્ધા યોજાઈ ગઈ, જેમાં વણાકબારા સરકારી ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય વિજેતા અને ગેલેક્સી ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ ઉપવિજેતા બની હતી. ઉલ્લેખનીય છે કે, સ્પર્ધામાં જિલ્લાની વિવિધ વિદ્યાલયોમાંથી 10 ટીમ અને 2 સીનીયર ટીમે ભાગ લીધો હતો.

# MILLET EXPO

8 ફેબ્રુઆરીથી અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, ગાંધીનગર અને રાજકોટમાં 'મિલેટ એક્સ્પો – 2025' યોજાશે.

જેના અનુસંધાને રાજકોટના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માએ આ એક્સપોની તૈયારીઓ અંગેની સમીક્ષા કરી હતી. આ બે દિવસીય એક્સ્પોમાં 60 પ્રદર્શન સ્ટોલ તેમજ 15 જેટલા લાઈવ ફૂડ કોર્ટ ઉભા કરવામાં આવશે. જેમાં મીલેટ્સ અને પ્રાકૃતિક રીતે તૈયાર થયેલા શાકભાજી તેમજ અન્ય પ્રોડક્ટ્સનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે.

બીજી તરફ સુરતમાં વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે જિલ્લાકક્ષાનો મિલેટ્સ મહોત્સવ યોજાશે. દ.ગુજરાતના સુરત, વલસાડ, નવસારી, ડાંગ, તાપી, નવસારી જિલ્લાના ૬૦ જેટલા પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ૭૫ જેટલા સ્ટોલ્સમાં મિલેટ્સ ઉત્પાદનો વેચાણ માટે પ્રદર્શિત કરશે. જ્યારે મિલેટ્સની વાનગીઓના ૧૫ ફુડ સ્ટોલ્સ ઉભા કરાશે.